## કાયદા

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બે લાખની ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે મૂકવાના રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર-ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડિપોઝીટ તરીકે મૂકવાના રહેશે.

૩. ઉપર્યુકત ડિપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં પરિપાલન કરવામાં નહીં આવે તો જે તે હેતુસરની ડિપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૪. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું 'ના વાંધા પ્રમાણપત્ર' કે 'સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી' મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૫. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહીં અને છતાં પ્રવેશ આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૬. મંડળે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂા.૬,૦૦,૦૦૦/- ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજ સહિત રીન્યુ કરાવવાની રહેશે.

૭. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/- ની રકમ રોકડમાં બેંક બેલેન્સ કે ડિપોઝીટ રૂપે તથા રૂા.૨૫,૦૦,૦૦૦/- ની સ્થાયી/અસ્કયામતો ટ્રસ્ટના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવો.

૮. શરત નં.- ૭ અન્વયે મિલકતો ઋણ મુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૯. કોલેજ શરૂ કરતાં પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦/- નું વર્કીંગ ફંડ હોવા અંગેના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવા.

૧૦. ટ્રસ્ટ નોંધણીનો દાખલો તથા ટ્રસ્ટ ડીડ (જેમાં શિક્ષણનો હેતુ સ્પષ્ટ હોવો જોઈએ.)

૧૧. ટ્રસ્ટ મંડળના હોદ્દેદારોની વિગત.

૧૨. ટ્રસ્ટની માલિકીપણાના જમીનના દસ્તાવેજો પુરાવાની નકલ (ટ્રસ્ટીની માલિકીપણાની નહીં.)

૧૩. જે વિદ્યાશાખામાં જે અભ્યાસક્રમ શરૂ કરવાનો હોય તે સબબના સ્પષ્ટ ઠરાવની નકલ.

૧૪. જમીનનો શૈક્ષણિક હેતુ માટે ઉપયોગની નકલ (એન.એ.)

૧૫. બિલ્ડીંગના સક્ષમ અધિકારીની સહીવાળા નકશાની પ્રમાણિત નકલ (રજાચીઠ્ઠી વિગેરે સાથે)

૧૬. કોલેજ બિલ્ડીંગના રૂમોની ક્ષેત્રફળની સંપૂર્ણ વિગત.

૧૭. લેબોરેટરીઝ/કોમ્પ્યુટર લેબોરેટરીઝના સાધનોની વિગત.

૧૮. લાયબ્રેરીના સાધનોની તથા પુસ્તકોની વિગત.

૧૯. ટ્રસ્ટના છેલ્લા ત્રણ વર્ષના ઓડીટ રીપોર્ટની નકલો તથા ટ્રસ્ટના પાનકાર્ડની નકલ.

૨૦. ટ્રસ્ટ સંચાલિત અન્ય શૈક્ષણિક સંસ્થાઓ ચાલતી હોય તો તેની વિગતો.

૨૧. અન્ય યુનિવર્સિટી સાથે ટ્રસ્ટ સંકળાયેલ છે કે કેમ  અને જો ‘હા’ તો તેવા અભ્યાસક્રમ અને યુનિવર્સિટીની વિગતો તથા તે અંગેનું (એન.ઓ.સી.)

૨૨. મંડળે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂ.૬,00,000/- ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મૂકવામાં આવે.

૨૩. નવા અભ્યાસક્રમ માટે પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર સંસ્થાએ યુનિવર્સિટીમાં રૂા.૧૨,00,000/- લાખની યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિપોઝીટ મૂકવામાં આવે.

૨૪. વિદ્યાર્થી દીઠ રૂા.૫00/- વિકાસફાળો તથા પ્રતિ વર્ષ રૂા.૪000/- કાયદાકીય ફી ભરવી.

૨૫. શૈક્ષણિક સ્ટાફના ઈન્ટરવ્યુ યુનિવર્સિટી કેમ્પસ, પાટણ મુકામે રાખવા.

૨૬. ટયુશન ફી તથા અન્ય ફી પ્રવર્તમાન દરે લેવાની રહેશે તથા કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી વિદ્યાર્થીઓ ફાળવવામાં આવશે.

૨૭. કર્મચારીઓ માટે પ્રોવીડન્ડ ફંડની જોગવાઈ કરવી તથા તેઓના પગાર બેન્ક મારફતે જ ચૂકવવવા.

૨૮. મંજૂરી મળ્યેથી જરૂરીયાત મુજબના વિષયને અનુરૂપ પુસ્તકો વસાવવવાના રહેશે.

૨૯. મંજૂરી મળ્યેથી શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની રહેશે.

૩0. સરકાર/યુનિવર્સિટીના નિયમાનુસાર કાયમી આચાર્ય/શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની રહેશે.

૩૧. Bar Council of India Rules (Under the Advocates, 1961) Part-IV Rules of Standards of Legal Education and Recognition of Degree in Law for the purpose of enrollment and advocates and inspection of Universities for recognizing its degree in law ના નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.